# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧/ક્વા-૨/૨૧-૨૨/૪૪૨૦-૨ તા.૨૭-૦૭-૨૦૨૧

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : રાજ્યગુરુ દિવ્યાબેન હરિશકુમાર ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : મીલપરા
રજૂઆત કરનાર : અરજદાર રાજ્યગુરુ દિવ્યાબેન હરિશકુમાર તેમની સાથે નીખીલ એચ. રાજ્યગુરૂ અને પ્રદીપ છેલશંકર રાજ્યગુરૂ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧
રજૂઆત કરનાર : ઇન્ચાર્જ અધિક્ષક હિશાબનીસ કે.પી.સોલંકી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ અને તેમની સાથે નાયબ ઈજનેર શ્રી જે.એન.ગરાણીયા પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી મીલપરા, રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૦-૦૭-૨૦૨૧ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓના પુત્ર શ્રી નીખીલ હરીશભાઈ રાજયગુરુના નામથી નવું રહેણાંક વીજજોડાણ મેળવવા માંગે છે પરંતુ તે જગ્યા પર હાલ એક વીજજોડાણ હયાત છે જે પહેલા છેલશંકરભાઈ ના નામ પર હતું જેનું નામ ફેરબદલ કરી રાજ્યગુરુ જસવંતિબેન કાન્તિલાલના નામે હાલમાં કરેલ છે. જેમાંથી હાલ તેઓ પાવર મેળવે છે હવે જે તે ગ્રાહક તેઓને મળતો પાવર સ્પલાય કાપી નાખવાની ધમકી

આપે છે. જેથી અરજદારની માંગણી મુજબનું નવું વીજજોડાણ મેળવવા માટે (૧) છેલશંકરભાઈ કેશવલાલનું લાઈટ બીલ (૨) જશવંતીબેનના વારસાનું સર્ટીફીકેટ (૩) અકીલાનો મનાઈ હુકમ (૪) સાંજ સમાચારનો મનાઈ હુકમ (૫) દિવ્યભાસ્કરનો મનાઈ હુકમ (૬) કોર્ટનો મનાઈ હુકમ (૭) સંજયભાઈના લગ્નનું સર્ટીફીકેટ (૮) મકાનના વિલનો પુરાવો વગરે રજુ કરેલ હોવા છતાં લાઈટ આપતા નથી.

૨.૧ જસવંતિબેન કાન્તિલાલ રાજ્યગુરુના નામ પર જે વીજજોડાણ થયેલ છે તેમાં તેઓની કોઈની સમંતિ લીધેલ નથી જેથી સદર નામબદલી નિયમાધીન રીતે કરાયેલ ન હોય જેથી મૂળ નામ એટલેકે છેલશંકરભાઈના નામ પર સદર જોડાણ કરી આપવા અથવા માંગણી મુજબનું નવું વીજજોડાણ આપવા માટે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલકે રાજ્યગુરુ દિવ્યાબેન હરીશકુમાર દ્વારા તેઓને મીલપરા પેટા વિભાગીય હેઠળ આવતા ગુંદાવાડી શેરી નં.- ૧૨ ખાતે 'રમણ સ્તુતિ' સામે રાજકોટમાં નવું વીજજોડાણ લેવા માટે રજૂઆત કરેલ છે .

૩.૧ અરજદાર સદર જગ્યા પર તેઓના પુત્ર રાજ્યગુરુ નિખીલભાઈ એચ. ના નામનું રહેણાક વીજજોડાણ મેળવવા માંગે છે.

૩.૨ અરજદાર રાજકોટના સીટી સર્વે વોર્ડ નં.૯ સીટ નં.૧૮૪ સર્વે નં.૨૩૯૭ ચો.મી.આશરે ૧૩૧-૪૩ તથા સર્વે નં ૨૩૯૮ ચો.મી.આશરે ૮.૨૯ કુલ જમીન ચો.વાર આશરે ૧૬૭-૧૦ ની જગ્યા ઉપર વીજજોડાણ લેવા માંગે છે.

૩.૩ અરજદારના રજુ કરેલ દસ્તાવેજો ચકાસણી કરતા કંપનીના નિયમો મુજબ તેમજ **GERC** ના નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ (સપ્લાય કોડની કલમ ૪.૧૬) મુજબ અરજદારે સદર જગ્યા અંગેના માલિકીનો આધાર રજુ કરેલ નથી.

૩.૩ અરજદારશ્રી દ્વારા ૨૦૧૮ના વર્ષમાં નવા કનેકશનની અરજી કરવામાં આવેલ હતી. જે તે સમયે મીલપરા પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં.૩૬૯૮ તા.૬/૧૧/૨૦૧૮ થી તેમની અરજી બાબતે જરૂરી દસ્તાવેજો (માલિકી પ્રસ્થાપિત કરતા) રજુ કરવા વિસ્તૃત સમજ સાથે લેખિત જાણ કરવામાં આવેલ હતી. પરંતુ હાલ સુધીમાં તેઓ દ્વારા માલિકી પ્રસ્થાપિત કરતા દસ્તાવેજો રજુ કરેલ નથી ત્યારબાદ તાજેતરમાં હાલની સીજીઆરએફ સમક્ષ કરેલ રજૂઆત સબબ સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા રાજ્યગુરૂ દિવ્યાબેનને પત્રનં એમ.પી.એસ.ડી./ટી/૧૬૬૭ તા.૧૬/૭/૨૦૨૧ થી જાણ કરેલ છે.

૩.૪ અરજદારનો કૌટુંબીક વિવાદ સદર જગ્યા અંગે ચાલતો હોય, રાજકોટ નામદાર કોર્ટમાં રે.દી.નં ૨૮/૨૦૧૬ નું (શ્રી વસંતલાલ કેશવલાલ રાજ્યગુરૂ વિરુદ્ધ શ્રીમતી દિવ્યાબેન હરીશભાઈ રાજ્યગુરુનું) આખરી હુક્મનામું રજુ કરવા જણાવેલ છે.

૩.૫ આમ સદર કેસમાં અરજદાર નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ની કલમ ૪.૧૬ મુજબ કોઇપણ જાતનાં માલિકી હક્ક દર્શાવતા દસ્તાવેજી પુરાવા રજુ કરી શકેલ ન હોઈ પીજીવીસીએલ

કંપનીના નિયમાનુસાર અરજદારની નવા વીજજોડાણ અંગેની માંગણી નિયમો અનુસાર સ્વીકારી શકાય તેમ નથી.

૩.૬ વધુમાં સદર જગ્યા ઉપર હાલમાં ગ્રાહક નં ૩૧૨૦૨/૦૧૬૫૯/૬ આર.જી.પી.યુ. કેટેગરીનું જસવંતીબેન કાંતિલાલ રાજ્યગુરુના નામનું વીજજોડાણ ચાલુ છે. સંક્ષિપ્તમાં અરજદારના સસરા દ્વારા તેમની હયાતીમાં કરેલ વસીયતનામા **RKT – 2012/1/6 2003** થી અરજદારના સસરાએ તેમના પુત્રોને વહેંચણી કરી આપેલ પરંતુ ત્યારબાદ તમામ મિલ્કતનો બક્ષિસ દસ્તાવેજ નં. RKT-1-CTY ૧૦૯૯/૨૦૧૪ તા.૧૦/૦૨/૨૦૧૪ થી તેમના બે પુત્રોને જ કરી આપેલ છે આમ મિલકતમાં અરજદારને કોઈ હક્ક હિસ્સો કે ભાગ આપેલ નથી. જેથી અરજદારનો તેઓની માંગણી મુજબના વીજજોડાણની જગ્યાનો પ્રોપર્ટી ટ્રાન્સફર એકટ મુજબ માલિકી હક્ક પ્રસ્થાપિત થતો નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર રાજ્યગુરુ દીવ્યાબેન હરીશકુમાર તેઓના પુત્ર નીખીલ હરીશકુમાર રાજ્યગુરુના નામે નવું વીજ જોડાણ મેળવવા માટે (૧) છેલશંકરભાઈ કેશવલાલનું લાઈટ બીલ (૨) જશવંતીબેનના વારસાનું સર્ટીફીકેટ (૩) અકીલાનો મનાઈ હુકમ (૪) સાંજ સમાચારનો મનાઈ હુકમ (૫) દિવ્યભાસ્કરનો મનાઈ હુકમ (૬) કોર્ટનો મનાઈ હુકમ (૭) સંજયભાઈના લગ્નનું સર્ટીફીકેટ (૮) મકાનના વિલનો પુરાવો વગરે રજુ કરેલ હોવા છતાં વીજજોડાણ આપવાની કોઈ કાર્યવાહી પી.જી.વી.સી.એલ. દ્વારા કરેલ ન હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર દ્વારા રજુ કરેલ શ્રી કેશવલાલ બેચરલાલ રાજ્યગુરુ દ્વારા રજીસ્ટર્ડ કરાયેલ વસિયતનામા નં. RKT-1 ૨૭૧૨/૨૦૦૩ તા.૧૦/૦૭/૨૦૦૩ મુજબના પાના નં. ૨ માં જણાવ્યા મુજબ પરિવારમાં ૫ (પાંચ) દીકરાઓ અને ૨ (બે) દીકરીઓ છે. જેમાં પુત્ર નં. ૪ સ્વ. શ્રી હરીશકુમાર કેશવલાલ રાજ્યગુરુનું અવસાન થયેલ હોય તેમના વારસ શ્રી મોહિત હરીશકુમાર રાજ્યગુરુ (પૌત્ર) અને શ્રી નીખીલ હરીશકુમાર રાજ્યગુરુ (પૌત્ર) નામ દર્શાવેલ છે. સદર વસીયતનામાના મુદ્દા નં. ૩ મુજબ રાજકોટ શહેરના ગુંદાવાડી શેરી નં.૧૨ માં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૧૦ માં અઘાટ હક્કના મકાન જમીન ચો.વાર આ. ૧૧૬-૬-૦ : ચો.મી. ૧૩૧-૪૧ જે કેશવલાલ બેચરલાલ રાજ્યગુરુના અવસાન બાદ તેઓના ધર્મપત્ની શ્રીમતી નર્મદાબેન કેશવલાલ રાજયગુરુને એકલાને સુવાંગ માલિકી હક્કથી મળે તેમ લખી આપેલ છે. શ્રીમતી નર્મદાબેન કેશવલાલ રાજયગુરુના અવસાન બાદ તેઓના દીકરાના નામે સરખે હિસ્સેથી એમ ૩ સરખે હિસ્સો ઉપરોક્ત સ્થાવર મિલકત મકાન મળે તેમ લખી આપેલ છે તે મુજબ સ્વ. શ્રી હરીશકુમાર કેશવલાલ રાજ્યગુરુનું અવસાન થયેલ હોય તેમના વારસ શ્રી મોહિત હરીશકુમાર રાજ્યગુરુ (પૌત્ર) અને શ્રી નીખીલ હરીશકુમાર રાજ્યગુરુ (પૌત્ર) ના ભાગે સયુંકત રીતે ૩૩.૩૩% હિસ્સે મળે તેમ લખી આપેલ છે.

૪.૩ ત્યારબાદ શ્રી કેશવલાલ બેચરલાલ રાજ્યગુરુ દ્વારા રજીસ્ટર્ડ કરાયેલ બક્ષિસ દસ્તાવેજ નં. RKT-1-CTY ૧૦૯૯/૨૦૧૪ તા.૧૦/૦૨/૨૦૧૪ થી રાજકોટ શહેરના ગુંદાવાડી શેરી નં.૧૨ માં આવેલ સીટી સર્વે વોર્ડ નં.૯ સીટ નં.૧૮૪ સર્વે નં.૨૩૯૭ ચો.મી.આશરે ૧૩૧-૪૩ તથા સર્વે નં ૨૩૯૮ ચો.મી.આશરે ૮.૨૯ કુલ જમીન ચો.વાર આશરે ૧૬૭-૧૦ થી તેમના બે પુત્રો (૧) શ્રી કાંતિલાલ કેશવલાલ રાજ્યગુરુ અને (૨) શ્રી વસંતરાય

કેશવલાલ રાજ્યગુરુ ને જ કરી આપેલ છે આમ સદર મિલકતમાં અરજદારને કે તેના પુત્રોને કોઈ હક્ક હિસ્સો કે ભાગ આપેલ નથી. જેથી અરજદારનો તેઓની માંગણી મુજબના વીજજોડાણની જગ્યાનો પ્રોપર્ટી ટ્રાન્સફર એકટ મુજબ માલિકી હક્ક પ્રસ્થાપિત થતો નથી.

૪.૪ અરજદારના નવા વીજજોડાણની અરજી અંગે પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૩/૦૭/૨૦૨૧ થી સદર તકરારી મિલકત સબબ રાજકોટના મહે. પ્રીન્સી. સીવીલ જજ સાહેબ-રાજકોટની કોર્ટ-માં રે.દિ.કે. નં.: ૨૮/૨૦૧૬ થી શ્રી વસંતરાય કેશવલાલ રાજ્યગુરુ વિરુદ્ધ શ્રીમતી દિવ્યાબેન હરીશકુમાર રાજ્યગુરુને લગતા નામદાર કોર્ટનો વચગાળાનો હુકમ તા.૧૪/૦૭/૨૦૧૭ ની નકલ બાદ આખરી હુકમનામું થયેલ હોય તો તેની નકલ રજુ કરવા અરજદારને લેખિતમાં જણાવેલ છે.

૪.૫ સદર કેઈસમાં ઉપરોક્ત વિગત પરથી સ્પષ્ટ થાય છે કે અરજદારની સદર તકરારી મીલ્કત બાબતે મુદ્દા નં ૪.૪ મુજબ ની વિગતે, હાલ નામદાર કોર્ટ દ્વારા આખરી હુકમનામાંની નકલ અરજદાર દ્વારા રજુ કરાયેલ નથી. સદર બાબતે અરજદાર દ્વારા ફોરમ સમક્ષ મૌખિક કરેલ રજૂઆત મુજબ સદર કેઈસ હાલ ન્યાયિક બાબતે નામદાર કોર્ટમાં પડતર છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૯ જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૩૩ (૧) મુજબ અન્ય કોર્ટ કે લવાદમાં જે કેઈસ ન્યાયિક પ્રકિયા હેઠળ ચાલુ/પડતર હોય તે અત્રેના ફોરમમાં કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય નહિ. વધુમાં અરજદારની રજૂઆત મુજબ તકરારી મિલ્કત બાબતે નામદાર કોર્ટમાં ન્યાયિક બાબતે કેઈસ પડતર હોય હવે પછી નામદાર કોર્ટ દ્વારા વીજજોડાણ આપવા અંગેની તરફેણ કરવા અંગે જરૂરી હુકમ કરવામાં આવેતો અને તેની પ્રમાણીત નકલ અરજદાર દ્વારા રજુ કર્યેથી, કોર્ટના હુકમ મુજબ યોગ્ય કાર્યવાહી કરીને વીજજોડાણ આપવા બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |